સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

પ્રગતિની ગતિ કે અધોગતિ, કોને ખબર?
ધનપતિઓને લઇ જશે ક્યાં! કોને ખબર?
આવશે ક્યાંથી મોત બની ક્યારે, કોને ખબર?
(B) બેલગામ (M) મોત (w) વરસસે ક્યારે કોને ખબર?
BMW = યમરાજ!

હાઈકુ

હાથ ન લાગે
સ્વયં સશક્તિ વિના -
સુરક્ષા - સ્વર્ગ..

બનો ન એવું
હથકું રમકડું -
કે રમે કોઇ!

(મહિલાઓ એ પણ જાગૃત રહેવાની જરૂર છે)

ચિંતન

દ્વાવિમૌ પુરૂષૌ લોકે ન ભૂતો ન ભવિષ્યતઃ ।
પ્રાર્થિતં યશ્ચ કુરૂતે યશ્ચ નાર્થયતે પરમ ॥

'આ લોકમાં એવા બે પુરૂષો છે કે એમના જેવા કોઇ થયા નથી કે થવાના પણ નથી, જે બીજાની માગણી પુરી કરે જ છે એવા અને બીજા જે બીજાની પાસેથી કંઇ પણની કદી માગણી કરતા નથી.'

અહીં એવા, બે પ્રકારના પુરૂષોની વાત કરવામાં આવી છે, જેવા આજ સુધી થયા નથી કે થવાના પણ નથી. કર્ણની દાનવીર તરીકેની અદ્‌ભૂત કીર્તિ છે. દાનવીર કર્ણ જેવો આજ સુધી કોઇ થયો નથી કે થવાનો નથી. સવારે એને આંગણે જે કોઇ યાચક આવે તેને માગ્યા પ્રમાણે દાન આપતો જ પણ યુધ્ધ દરમિયાન ભગવાન કૃષ્ણએ તેનાં કવચ અને કુંડળ પણ માગી લીધાં જે એનાં પ્રાણ રક્ષક હતા. છતાં પણ આપ્યાં હતા. એટલે બીજાની બધી માંગણી સદાય પુરી કરે એ વ્યક્તિ અજોડ છે.

જ્યારે બીજી એવી વ્યક્તિ છે જેને અજાયક વ્રતધારી કહી શકાય ગમે તેવી ખરાબ પરિસ્થિતિમાં પણ કોઇની સામે હાથ લાંબો ન કરે માગણી કદાપિ ન કરે - જેનું જીવન સંતોષથી ભર્યું - ભાદર્યું હોય એને કદાપિ કોઇ જ માગણી હોતી નથી. જે કદી પણ કોઇની પાસે યાચના કરતા નથી એવા પણ ન ભૂતો - ન ભવિષ્યતિ - થયા નથી, થવાના નથી.

સુવિચાર

- નારી પ્રકૃતિની પુત્રી છે, સૃષ્ટિની સૌંદર્યસભર શ્રેષ્ઠ રચના છે - **શ્રીરામ શર્મા**
- ભારતીય મહિલાઓમાં અસીમ સંભાવનાઓ છે અને તે સાબિત કરવામાં પણ તે કુશળ અને સક્ષમ છે - **કિરણ બેદી**
- પુરૂષના તમામ વિચાર સ્ત્રીના એક ભાવુક કણની પણ સમતા રાખતા નથી, પુરૂષોને માત્ર દૃષ્ટિ હોય છે જ્યારે સ્ત્રીને અંતઃદૃષ્ટિ હોય છે - **વોલ્ટેર**
- જેમ કાંટાળી ડાળને પણ પુષ્પ સુશોભિત કરે છે તેમ ગરીબ ઘરને પણ સુલક્ષણતા સ્ત્રી શોભાયમાન કરી શકે છે - **ગોલ્ડ સ્મિથ**
- હોંશિયાર પુરૂષને નિયંત્રણમાં રાખવા મૂરખ સ્ત્રી પણ ચાલે પણ મૂરખ પુરૂષને નિયંત્રણમાં રાખવા હોંશિયાર સ્ત્રીની જ જરૂર પડે છે - **બર્નાડ શો**
- સ્ત્રી બધું જ કરી શકે, સિવાય કે પોતાની ઇચ્છા વિરૂધ્ધ પ્રેમ - **સુદર્શન**
- પવિત્ર નારી સર્જનહારની સર્વોત્તમ રચના છે - **ટાગોર**

બોધ કથા

કેટલાક લોકોને શારદાદેવીનું વરદાન હોય છે સારા વક્તા હોય છે પણ જ્યારે વક્તા જાતે જ આ બાબત સભાન થઇ જાય કે 'મારા જેવો કોઇ વક્તા નથી' ત્યારે જો સંસ્કાર અને સજ્જનતા ન હોય તો નાનો-મોટો વડીલ-સન્માનીય, મહિલા-માતા-બેન કોઇ-કંઇ પણ જોયા વિના બધાને ઉતારી પાડી ગમે તેને ગમે તેમ બોલી પોતાનું પ્રભુત્વ સ્થાપવાના પ્રયત્નો કરે છે.

વોલ્ટેર પણ આવા જ રાજનીતિજ્ઞ હતા. કુશાગ્રબુધ્ધિ અને સચોટ દલીલો ના માહેર અભ્યાસુ અને સંબંધો સાચવનારા-ઉદ્યોગપતિઓને તો આંગળી પર નચાવે... પણ શબ્દોથી નેતાઓ - સાહિત્યકારો સહકાર્યકરો ને મ્હાત કરી નાખે - દલીલો - કટાક્ષ તો એવાં ધારદાર કોઇ એમની સામે જવાબ જ ન આપી શકે!

વોલ્ટેર ના વડીલો બાંધકામનો વ્યવસાય કરતા પણ વિદ્યાભ્યાસ પછી કેટલીક પેઢી પછી એ કામ છૂટી ગયું હતું.

વોલ્ટેરે જ્યારે એક સભામાં પોતાના સહ કાર્યકર સૌમ્ય એવા સજ્જનને શબ્દો દ્વારા ઉતારી પાડી અપમાન કર્યું ત્યારે એ સજ્જને કહ્યું તમારા પૂર્વજો બાંધકામ માટે લેલું' પણ રાખતા અને સુંદર ઇમારતો ચણતા પણ તમે તો એમાંથી માત્ર હથોડો જ રાખ્યો છે. લેલું તો તમે રાખતા જ નથી?!

લઘુકથા સ્વરૂપ અને સર્જનમાં રસ ધરાવતાં અભ્યાસીઓ અને સાહિત્યિક વાચકોને વિશાળ વસ્તુ ફલક પર વિસ્તરતી આ લઘુકથાઓ ગમી જાય તેવી છે

શબ્દ સમીપે

લઘુકથા સાહિત્ય સ્વરૂપને સુપેરે સમજાવતું શ્રેષ્ઠ લઘુકથાઓનું શ્રેષ્ઠ સંપાદન

- નટવર હેડાઉ

ગુજરાતી સાહિત્યમાં અનેક પ્રકારોમાં વિપુલ પ્રમાણમાં સાહિત્ય સર્જન થતું રહ્યું છે. તેના વિવેચનો પણ થતાં રહ્યાં છે. મહાકાવ્યથી લઇને હાઇકુ, નવલકથાથી લઘુ નવલ, લાંબી વાર્તા, ટૂંકી વાર્તા, નવલિકા. આ બધાં પ્રકારોમાં લઘુકથા જેવો એક સાહિત્ય પ્રકાર આવ્યો. જેમાં બહુ ઓછા સર્જકો એ રસ દાખવ્યો છે. વળી લઘુકથાના સ્વરૂપ અને તેમાં ચોક્કસ ઘાટ આપી વાત મુકવાની ક્ષમતા જોતાં ઘણી વખત લઘુકથાને બદલે કંઇક ભળતું જ આવી જતું હોય તેવું પણ બન્યું છે. ત્યારે તાજેતરમાં જ ગાંધીનગર ખાતે જેનું વિમોચન થયું છે. તેવું જાણીતા વિવેચક ઉત્પલ પટેલ સંપાદિત પ્રેમજી પટેલની શ્રેષ્ઠ લઘુકથાઓનું પુસ્તક પ્રાપ્ત થયું છે.

'પ્રેમજી પટેલની શ્રેષ્ઠ લઘુકથાઓ' પુસ્તકમાંથી પસાર થતાં વાચકના મનમાં એક ચોક્કસ આધારભૂત રીતે લઘુકથાનું સ્વરૂપ કેવું હોઇ જોઇએ તે અંગેની ધારણા સ્પષ્ટ થાયત તે માટે ઉત્પલ પટેલે શરૂઆતમાં જ લઘુકથા : સ્વરૂપ વિચાર નીચે એક દીર્ઘ લેખ આપ્યો છે જેમાં લઘુકથાની સ્વરૂપગત લાક્ષણિકતાઓ, જે લેખકોએ આ સ્વરૂપમાં ખેડાણ કર્યું છે. તેમાં મહત્ત્વપૂર્ણ એવાં જાણીતાં નામોનાં ઉલ્લેખ સાથે એ વાતનો ખેદ પણ વ્યક્ત કર્યો છે કે ઊંચા ગજાના સાહિત્યકારો અને વિવેચકો આ સાહિત્ય પ્રકાર પ્રત્યે સાવ ઉદાસીન રહ્યાં છે. તેમ છતાં આરંભકાળથી જ બર્ફીલા વાતાવરણમાં ફૂટેલાં અંકુર (Thaw) ની જેમ ટકી રહીને ગુજરાતી લઘુકથાએ પ્રતિકુળ સંજોગોમાં સંઘર્ષ વેઠીને વિકાસ સાધ્યો છે. અને એક સ્વતંત્ર સાહિત્ય સ્વરૂપ તરીકે પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. એના પર કોઇ અન્ય ભાષી લઘુકથાની રચના રીતિનો પ્રભાવ નથી, તેમજ એ કોઇ અન્ય ભાષાની લઘુકથાનું અનુકરણ કરતી નથી. કારણ કે અન્ય ભાષાઓમાં લઘુકથાનો ઉદય થતો ત્યારે ગુજરાતી લઘુકથા પોતાની આગવી વિભાવનાઓ સાથે સ્થિર થઇ ચુકી હતી. તેમ છતાં એક ચર્ચા કાયમ થયા કરે છે. લઘુકથા બધિમા, હાર્મોનિકા અને ટૂચકો વિગેરે વચ્ચે ખુબ જ પાતળી ભેદ રેખા છે. ત્યારે ગુજરાતી લઘુકથા ક્ષેત્રે જેમનું મહત્ત્વપૂર્ણ પ્રદાન છે એવા સર્જક મોહનલાલ પટેલ આ સંદર્ભે પોતાનું મંતવ્ય આપે છે તે ધ્યાન પાત્ર છે. 'લઘુકથા ટૂંકી વાર્તા નથી તેમ એ ટૂચકો પણ નથી. લઘુકથા એ કલાકૃતિ છે. જીવનની સંવેદનાના અર્કનું એક બિન્દુ છે. એને ભાવક પોતાના જ અનુભવનાં જળમાં મેળવીને એનો આસ્વાદ ફરી ફરી માણી શકે છે.'



લઘુકથામાં ઘટના અને સિચ્યુએશન એ એનાં ઉદ્‌ભવ પાછળ રહેલાં મહત્વપૂર્ણ ઘટક તત્ત્વો છે. લઘુકથાની સર્જન પ્રક્રિયાની નિમિત્ત રૂપ ઘટના આકસ્મિક અને ક્ષુદ્ર હોવી જોઇએ. કારણ કે ઘટનાનું આકસ્મિક પણું અને ક્ષુદ્રત્વ જીવનના કોઇ એક સંદર્ભને સ્પર્શતા હોઇએ લઘુકતાના ખુદ્ગત અને કલેવરને ચુસ્તીભર્યાં ઘાટ આપનારા નિવડે છે. લઘુકથામાં બાદ્યવ છે તે આ બે લક્ષણોના આધારે નિષ્પન્ન થયેલું હોય છે. લઘુકથા એ સંવેદન કેન્દ્રી કથા સ્વરૂપ છે. લઘુકથામાં સર્જનની સંવેદનાની કળાત્મક અભિવ્યક્તિ અપેક્ષિત છે. કેમ કે તેમાં સંવેદાન અને લાગણીનું પ્રાધાન્ય હોય છે. સાહિત્યના આ સ્વરૂપને સંવેદના કથા કે ઉર્જા કાવ્યની જેમ ઊર્મિકથા તરીકે ઓળખી શકાય.

લઘુકથા અને ટૂંકી વાર્તાના કથા સ્વરૂપોની સમાનતા - વિભિન્નતાની વાત સુંદર ઉદાહરણઓ આપીને ઉત્પલભાઇએ મુકી આપી છે. જેનાં કારણે લઘુકથાના સ્વરૂપની સાચી સમજ આપવાનો તેમનો પ્રયાસ પ્રસંસનીય લાગ્યા વિના રહેતો નથી. લઘુકથામાં પાત્ર નિરૂપણની વાત પણ તેઓ ખુબ વિગતે કરે છે. વળી લઘુકથામાં વસ્તુનું મહત્ત્વ, લઘુકથાનો સમગ્ર પ્રભાવની વાત ઉદાહરણો સાથે મુકી આપી લઘુકથાના નવલેખકો માટે પ્રેરક પુરવાર થાય તેમ છે. કારણ કે લઘુકથા એ મત્સ્યવેધની કલા છે. આ સંદર્ભ લેખ માટે જે જુદા જુદા ગ્રંથોનો સંપાદકે ઉપયોગ કર્યો છે. તેની વિગતો પણ ટૂંકમાં આપવામાં આવી છે. ભાવક ઉત્તમ લઘુકથામાંથી પસાર થાય કે તરત એના હૃદયને લોખંડ જેમ પારસ સ્પર્શે સુવર્ણ બને તેવી રીતે ભાવકનું હૃદય ઉત્તમ લઘુકથા ના સ્પર્શે આનંદરૂપી સુવર્ણથી સમૃધ્ધ બની જાય તે જ તેની કે કોઇ પણ સાચી કલાકૃતિની ઓળખ છે.

પ્રેમજી પટેલની લઘુકથાઓ વિવિધ દૃષ્ટિકોણથી અને વૈવિધ્ય ભર્યા મિજાજે લખાઇ છે એવું એમની લઘુકથાઓમાં પસાર થતાં આપણને લાગ્યા વિના રહેતું નથી. આ પુસ્તકમાં પ્રેમજી પટેલની પણ જેટલી લઘુકથાઓનું ઉત્પલભાઇએ સંપાદન કર્યું છે. તે સાથે તે લઘુકથાઓની વિશિષ્ટતાઓ લાક્ષણિકતાઓ અને લઘુકથા સ્વરૂપે કઇ રીતે શ્રેષ્ઠ છે તેનું વિશ્લેષણ તેમનાં દીર્ઘ લેખમાં કર્યું છે.

'માઇક્રોમોશન' લઘુકથામાં બોસલની અણઘટતી ચેષ્ઠાની નાયિકા આંચકો અને આઘાત બંને અનુભવે છે. તો 'વમળ' માં લેખકે નાયકની ફરજ ચુકની હકીકતને વહેલા ઘેર જતા રહેતા ખેડૂત અને પિરિયજ છોડીને વહેલી ઘરે આવીલ પુત્રીની વાતનું સંમિશ્રણ કરીને ઉપસાવી આપી છે. આવી જ રચના પ્રયુક્તિ કર્તાએ 'બસ્યા' લઘુકથામાં પ્રયોજેલી છે. 'શ્રવણ કથા'માં પણ આવો જ કટુ અનુભવ કથા સાંભળીને ઘરે આવ્યા પછી વહુ પાસે પાણી માંગવાના પ્રસંગે ડોશીને થાય છે. 'મખમલી મોતી'માં યૌવનનાં આરંભે પ્રથમવાર રજસ્વલા બનેલી યુવતી લુઘડું શોધી પહોળું કરે અને લાખ મોતી જેવા ડાઘ ઉપરથી કુંવારી સંવેદનાનો મખમલી રોમાંચ મખમલી મોતીનાં પ્રતિકમાં સંકેતાયો છે. તો 'કિલ્લા' લઘુકથામાં શીર્ષક દ્વારા અબોલાની મનોવેદના સૂચક રીતે સૂચવાઇ છે. આ ઉપરાંત સાઇડર જેવી લઘુકથાઓ વાચકને સંતર્પક નિવડે છે. તેથી જ ઉત્પલ પટેલ કહે છે કે પ્રેમજી પટેલની લઘુકથાઓ ઇયત્તા અને ગુણવત્તા, ઉભય દૃષ્ટિએ નોંધપાત્ર છે. લઘુકથામાં કૃમિ પ્રયોજનની દૃષ્ટિએ આવશ્યક હોય તેટલાં જ પાત્રો - પ્રસંગો પસંદ કરવાની સર્જકતાની સમાનતા અને પરિસ્થિતિ પારખવાની સુઝ પ્રશસ્ય છે. આ લઘુકથાઓમાં લાઘવ મહદંશે સિધ્ધ થઇ શક્યું છે. તેમની અભિવ્યક્તિ સભાનતા અને સજ્જતાને આભારી છે તેથી લઘુકથા સ્વરૂપ અને સર્જનમાં રસ ધરાવતાં અભ્યાસીઓ અને સાહિત્યિક વાચકોને વિશાળ વસ્તુ ફલક પર વિસ્તરતી આ લઘુકથાઓ ગમી જાય તેવી છે.

'પ્રેમજી પટેલની શ્રેષ્ઠ વાર્તાઓ' ના લેખક પ્રેમજી પટેલ નો જન્મ તા. ૧૨-૨-૧૯૫૫ના સાબરકાંઠા જિલ્લાના ખેરોલ ગામે થયેલ છે. તલોદની શેઠ એચ.પી. આર્ટ્સ કોલેજમાં અધ્યાપક તરીકે સેવાઓ સાથે સાથે ત્રેપનમી બારી (લઘુકથા સંગ્રહ) અમૃત વર્ષા (લોક સાહિત્ય) અને સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી જીવન કથા, વિવેચનનાં પુસ્તકો તેમણે આપ્યો છે.

આ પુસ્તકના સંપાદક ઉત્પલ પટેલનું વિવેચન અને સંપાદન ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ પ્રદાન રહ્યું છે. ગુજરાતી વાર્તાસૃષ્ટિ, દિગીશ મહેતાની શબ્દ સૃષ્ટિ (વિવેચન) અને દિગીશ મહેતાના શ્રેષ્ઠ નિબંધોનું સંપાદન પણ તેમણે કરેલું છે. જાણીતા સજાગ સર્જક પ્રાગજીભાઇ ભામ્ભીને અર્પણ કરાયેલ આ પુસ્તક લઘુકથા ને સમજવા અને માણવા માટે ખુબ જ સરસ રીતે રજૂ કરવામાં આવી છે. તે બદલ લેખક, સંપાદક અને પુસ્તક પ્રગટ કરનાર ડિવાઇન પબ્લિકેશન્સ અભિનંદનના અધિકારી છે.

પ્રેમજી પટેલની શ્રેષ્ઠ લઘુકતાઓ
સંપાદક : ઉત્પલ પટેલ
પ્રકાશક : ડિવાઇન પબ્લિકેશન્સ
૩૦, બીજે માળ, કૃષ્ણ કોમ્પલેક્ષ,
જૂનું મોડેલ સિનેમા, ગાંધી રોડ, અમદાવાદ
સંપર્ક સૂત્ર : ૯૮૨૫૦૫૭૯૦૫
કિંમત : રૂા. ૭૫/-, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૨

૧૯૭૮માં આરંભાયેલી 'સેવા' મૂવમેન્ટમાં આજે ૧૭ લાખ શ્રમિક મહિલા સહભાગી બની છે

હું રસ્તે રઝળતી વારતા

- અચના પટેલ

વિશ્વમાં જ્યાં પણ ગુજરાતનું નામ ચર્ચાય છે, ત્યાં ગાંધી અને 'સેવા'નું નામ આવશ્ય ચર્ચાય છે. એ કરોડો શ્રમજીવી મહિલાઓનાં જીવનમાં આર્થિક અને સામાજિક ક્રાંતિ આણી છે. આ મૂક પણ સશક્ત ક્રાંતિના પ્રણેતા ઇલા ભટ્ટે કરોડો શ્રમિક મહિલાઓને ગૌરવ અને ઓળખ અપાવી છે. તેમના છ દાયકાના કામને અનેક આંતરરાષ્ટ્રીય સિધ્ધિ અને સન્માન પ્રાપ્ત થયા છે, જેમાં પદ્મશ્રી, પદ્મભૂષણ, રોમન મેગ્સેસે, રાઇટ લાઇવલી હૂડ, નિવાનો પિસ પ્રાઝ્ઝનો સમાવેશ થાય છે. તેમનાં સન્માનોની યાદીમાં હાલ ઇંદિરા ગાંધી શાંતિ પુરસ્કાર ઉમેરાયો છે. અલબત્ત આ તેમની નવી નહીં પણ ઓછી જાણીતી ઓળખ છે. ૧૯૭૮માં આરંભાયેલી 'સેવા' મૂવમેન્ટમાં આજે ૧૭ લાખ શ્રમિક મહિલા સહભાગી બની છે. શ્રમિક મહિલાઓનાં બહેનનાં સંબોધનથી જાણીતા ઇલાબેન ગુજરાત, ભારત જ નહીં પણ વૈશ્વિક કક્ષાએ ગૌરવસમા મહિલા છે. પ્રસ્તુત છે તેમની સાથે થયેલો સંવાદ.

➜ આપ ગરીબાઇને હિંસા ગણઓ છો. કેમ?

ગરીબાઇ એ સતત ચાલતી હિંસા છે. રોજબરોજ બનતી ઘટના છે. સમગ્ર સમાજની સંમતિથી બનતી ઘટના છે. ગરીબાઇએ ભગવાને સર્જી નથી. માણસો દ્વારા સર્જાયેલી છે. સમાજ તેને પોષતો જાય છે. આજે જે રીતે માહિતીનો વિસ્ફોટ, જ્ઞાન, ટેકનોલોજી ઉપલબ્ધ છે છતાં કોઇ ભૂખ્યું સૂઇ જાય તે કેવી રીતે ચાલે. માટે હું માનું છું કે ગરીબી એ હિંસા છે.

➜ આજની સ્થિતિને કેવી રીતે મૂલવો છો?

આજે પણ યોગ્ય કાયદા નથી. આપણી નીતિઓ ગરીબો અને શ્રમીજીવીઓ તરફી નથી. મૂળભૂત સવાલ એ છે કે ગરીબોને કેમ સ્થળાંતર કરવું પડે. સીટી પ્લાનરો પણ ગરીબોને આયોજનમાં સ્થાન આપતા નથી. અર્થશાસ્ત્રીઓ પણ ગરીબો અને શ્રમજીવીઓનાં આર્થિક પ્રદાનને સ્વીકારતા નથી. દેશનાં ૯૫ % ટકા શ્રમિકો હાલ પણ અસંગઠિત ક્ષેત્રે રોકાયેલા છે, આર્થિક પ્રદાન આપે છે છતાં તેઓની ગણતરી જીડીપીમાં ધ્યાનમાં લેવાતી નથી. અસંગઠિત શ્રમિકોનું આટલું મોટું આર્થિક પ્રદાન તો ભૂલાય છે. આ સાથે તેઓને કામદાર તરીકે પણ ન ગણાય એ વાત પીડા આપે તેવી છે.

➜ ગરીબાઇ દૂર કરવા માટે મહિલાઓની ભૂમિકાને આપ કેવી રીતે મૂલવો છો?

ગરીબાઇ કામ અને શ્રમથી દૂર થશે, નહીં કે ચેરિટીથી. મને મહિલાઓ હંમેશા ફ્યૂચ્યર ઓરિએન્ટેડ લાગી છે. તેની બાયોલોજી અથવા તો બીજી પેઢીને સંભાળવાની તેની ક્ષમતા મહિલાઓને ભવિષ્યગામી બનાવે છે. મહિલાઓનો સૌથી મોટો ગુણ મિલકત નિર્માણનો છે. મહિલાઓ સામૂહિક રીતે કાર્ય કરવામાં માને છે અને સફળ પણ થાય છે. ભેગા રહેવું તે મહિલાઓનો સ્વભાવ છે. આ સાથે મહિલાઓનો કુદરત સાથેનો ઘનિષ્ટ નાતો છે. ખેતર, પાણી અને જંગલનો વિકાસ કરી મહિલાઓ નિરંતર વિકાસ કરી શકે છે. અમારો 'સેવા'નો અનુભવ છે કે મહિલાઓના હાથમાં મિલકત જળવાઇ રહે છે. અમે જ્યારે બહેનોને જમીન છોડાવવા માટે ધિરાણ આપ્યું હતું ત્યારે ૭-૧૨ ના ઉતારામાં તેનું નામ પણ સામેલ કરાયું હતું. જ્યારે મહિલાનાં નામ પર પણ જમીન થાય છે, ત્યારે ક્યારેય જમીન પછી ગિરવે મૂકાઇ નથી કે તે જમીન વેચાઇ નથી.

➜ આપનો ૧૦૦ માઇલ્સના નામે જાણીતો વિકેન્દ્રિય વિકાસનો વિચાર જાણીતો થયો છે, તે શું છે?

હું માનું છું કે આપણી રોટી, કપડાં અને મકાન જેવી ત્રણ પ્રાથમિક જરૂરિયાતો અને પ્રાથમિક શિક્ષણ, પ્રાથમિક આરોગ્ય અને બેંકિંગ સેવા જેવી આવશ્યકતા આપણાં વસવાટનાં ૧૦૦ માઇલ્સની અંદર પ્રાપ્ત થવી જોઇએ. વસ્તુ કે સેવાના નિર્માતા અને તેના ઉપભોક્તા શક્ય એટલાં નજીક હોવાં જોઇએ. જેથી બગાડ ન થાય અને વસ્તુ સેવાથી કોઇ વંચિત ન રહી જાય. આ જ ૧૦૦ માઇલ્સના વિચારનું હાર્દ છે. જુઓ, એક તરફ ભૂખમરો, તો બીજી તરફ અનાજ સડી રહ્યું છે, બગાડ થાય છે. એક તરફ ખેતી એડવાન્સ બનતી જાય છે, તો બીજી તરફ અન્નનું વાવેતર ઘટતું જાય છે.

➜ ૧૦૦ માઇલ્સનો વિચાર કેવી રીતે અમલમાં મૂકી શકાય?

આ વિચારનો અમે ફિલ્ડ ટેસ્ટ કર્યો છે. આજે પણ ૪૪ ટકા કુટુંબોની અનાજ - કઠોળ, શાકભાજી અને દૂધ સ્થાનિક કક્ષાએ જ ઉત્પન્ન થાય છે. અને તેનો વપરાશ પણ સ્થાનિક સ્તરે થાય છે.

સેવાઓની બાબતમાં જોઇએ તો તે સરકાર આધારિત છે. તેનો એકસેસ કેવો છે તે મહત્ત્વનું છે. સેવાઓ વધુ અનિયમિત અને જોઇએ ત્યારે ઉપલબ્ધ ન મળે તેવા લોકોનો અનુભવ રહ્યો છે. ગામમાં શાળા છે. બધાની માંગણી સ્કીલ ડેવલોપમેન્ટની છે. શિક્ષણ એવું છે કે યુવાન ભણે છે પણ ખેતીમાં જોડાતો નથી. ગ્રામસ્તરે ઉપયોગી ઉદ્યોગનું શિક્ષણ જરૂરી છે. બેંક છે, પણ ગામમાં વધુ લોકો પોસ્ટની સેવા પસંદ કરે છે. પરંતુ પોસ્ટઓફિસ લોન આપી શકતી નથી. સ્વયં શ્રમજીવીઓ સુધી પહોંચવા માટે પ્રયાસ નથી કરતી. છેવાડાનાં લોકો સુધી પહોંચવું પડશે. જરૂર હોય તો નવું જ્ઞાન પેદા કરવું પડશે. અન્ન પેદા કરવું પડશે. જ્યાં ઉપભોક્તા છે, ત્યાં જ વસ્તુ - સેવાઓનું નિર્માણ કરવું પડશે.

➜ આજના સંદર્ભમાં મહિલા વિકાસ એટલે શું ?

સમાજ પરિવર્તન માટે મહિલાઓનાં વિકાસ, સશક્તિકરણ પહેલું પગથિયું છે. પણ સમાજ પરિવર્તનની સમજ પરદેશની નકલ હોવી જોઇએ નહીં. કેટલીક મહિલાઓ ઘરસંસાર અને માતૃત્વની ભૂમિકાને બોજ કે ગુલામી સમજતા હોય છે પણ હું માનું છું કે આ બંને ક્ષેત્ર શક્તિનો સ્ત્રોત છે. મહિલાઓ સંસદમાં સીટ માગે છે. બહેનોએ સાથે બેસીને લઘુત્તમ વેતન, પાણી, પર્યાવરણ, સામાજિક મુદ્દે ચર્ચા કરવી જોઇએ. મહિલા વિકાસ કેવી રીતે હાંસલ કરી શકાય તેનું આયોજન કરવું જોઇએ. કેવી દુનિયા જોઇએ છે તેની ચર્ચા કરવી જોઇએ. સંઘર્ષ અને રચનાના સથવારે મહિલા વિકાસ અને સશક્તિકરણ થાય, જે કુટુંબ, સમાજ, દેશ અને વિશ્વનો ટકાઉ વિકાસનો પાયો બને. મહિલા અને શ્રમજીવીઓ કેન્દ્રિત વિકાસ જ સાચો વિકાસ કહી શકાય.

- મિડવીક ગાર્ડિયનની પૂર્તિ

...એક દિવસ સાસુમાના દિલનાં અને બંગલાનાં દ્વાર તો ખૂલશે એ આશા આજ વર્ષો પછી પણ હજુ સફળ નથી થઇ

દિલના દ્વારે

- સં-વેદના

- જય ગજ્જર

કોલેજના વાર્ષિકોત્સવનાં નગરશેઠનાં રોહિત અને મીનાની નાટકનાં પાત્રો તરીકે પસંદગી થઇ. બંને એથી ખુશ થઇ ગયાં. બંને નાટકમાં એમનાં પાત્રો ભજવી રહ્યાં હતાં. સ્ટેજ પર નાટક ચાલતું હતું ત્યાં એકાએક ધડાકો થતાં શું થયું કે મીના "ઓહ ગોડ" બોલી સ્ટેજ પર પટકાઇ. વિનોદ દોડીને એને બેઠી કરી. એ તો એક આંખ પર હાથ મુકી એકદમ રડવા લાગી. એને તાકીતે હોસ્પિટલમાં ખસેડવામા ંઆવી. ઇમર્જન્સીમાં અપરેશન કરવામાં આવ્યું. ડોકટરે થિયેટરમાંથી બહાર આવી કહ્યું, "સોરી જમણી આંખ પર ઘેરી અસર થઇ છે. કદાચ એ એક આંખ ગુમાવી બેસે એવો સંભવ છે." રોહિત ચોંકી ઊઠ્યો.

રોહિતને મીના બહુ ગમતી હતી. નાટકની પ્રેકટીસ દરમિયાન કલાકો સુધી મળવાનું હતું એટલે એ સંબંધ ગાઢ બનતાં એકબીજા સાથે લગન કરવાનો નિરધાર કરી ચૂક્યાં હતા. અકસ્માત થતાં રોજ મીનાને હોસ્પિટલમાં અને ઘેર આવી ત્યારે ઘેર મળવા જતો અને આશ્વાસન આપતો.

એકાદ મહિનો એણે ડોકટરની દવા અને સૂચના પ્રમાણે આરામ કર્યો પણ કોઇ ફેર ન પડ્યો. દેખાવડી મીનાને એક આંખે અંધાપો આવ્યાની હકીકતથી પડી ભાંગેલ મીનાએ એક દિવસ અશ્રુભીની આંખે રોહિતને કહ્યું, "રોહિત હવે તું મારો મોહ છોડી કોઇ સારી છોકરી શોધી લેજે."

"કેમ? તું મારી સાથે જીવન જોડવા નથી માગતી?"

"એક આંખે આંધળી, બાડી છોકરીને તારાં ધનવાન બા-બાપુ સ્વીકારશે નહિ એટલે મારો મોહ છોડી દે!" અશ્રુભીની આંખે કહ્યું.

"આપણે એકબીજાને વચન આપી ચૂક્યાં છીએ એનું શું?" "એ વખતે પરિસ્થિતિ જુદી હતી."

"મીના, મેં તને સાચા દિલથી ચાહી છે. લગ્ન પછી પરિસ્થિતિ બદલાય તો સાચા પ્રેમીઓ પ્રિય પાત્રને છોડી દે ખરાં?" "તારાં બા-બાપુ તને સંમતિ નહી આપે!"

અને વાસ્તવમાં એવું બન્યું. નગરશેઠે અને એમનાં પત્નીએ એની જીદ માટે ખૂબ ધમકાવ્યો. "એ બાડી આપણાં બંગલામાં ન જોઇએ" કહી એને રોકવા ખૂબ પ્રયાસ કર્યો.

"મિલ્કતના હકદાર થવું હોય તો મીનાને છોડ નહિતર અમારા દીકરા તરીકેના બધા હકથી તારે વંચિત રહેવું પડશે. અમે તને અમારા વારસદાર નહિ બનાવીએ." ઉગ્ર સ્વરે પિતાએ ધમકી આપતાં કહ્યું. મીનાને છોડી બીજે લગ્ન કરવાની માતાપિતાએ જીદ ચાલુ રાખી. પણ, રોહિત એનાં નિર્ણયમાં મક્કમ રહ્યો. બા-બાપુજીસહમત ન થતાં એણે કોર્ટમાં જઇ સાદાઇથી લગ્ન કર્યાં.

આજ ંબને ખુબ સુખી છે. આગણાંમાં કુંદનને રમતો જોઇ બા-બાપુને યાદ કરી "મધર્સ ડે" અને "ફાધર્સ ડે" એ બંને દર વર્ષે નિયમિત કાર્ડ લખી એમનું ઋણ અદા કરે છે. પણ જીદ લઇને જીવતાં અહંકારી બા-બાપુજી પર એની કોઇ અસર નથી થતી.

"એક દિવસ તો એ પીગશે" એ શ્રધ્ધા સાથે ચાર વર્ષ પસાર કર્યાં. પાંચમા વર્ષે બાને યાદ કરી મધર્સ ડેના દિવસે નાના કુંદને એક ફોટા સામે જોઇ પૂછ્યું, "મોમ, આ કોનાં મમ્મી છે?" "તારા પપ્પાનાં મમ્મી છે. ચાલ આજ 'મધર્સ ડે' એ એમનાં આશીર્વાદ લેવા જઇએ."

મીના હરખભેર એક કાર્ડ અને ગુલાબનાં ફૂલોનો ગુચ્છ લઇ માને વંદન કરી આશીર્વાદ લેવા નગરશેઠને બંગલે કુંદનને લઇ દોડી ગઇ. મીનાની સાસુએ એને ડ્રોઇંગરૂમમાંથી જોઇ. એને જોતાં બેડરૂમમાં ચાલી જતાં સાસુમાએ મીનાને પણ જોયા. મીનાએ ડોર બેલ દબાવ્યો. પણ એની કોઇ જ અસર ન થઇ. ડોરબેલ વાગતો રહ્યો પણ દિલનાં કે બંગલાનાં દ્વાર બંધ જ રહ્યાં.

"બેટા, દાદીમા સૂતા હશે, ચાલો ફરી આવીશું." બાળકને ખોટું આશ્વાસન આપી મીના મેઇલ બોક્ષમાં કાર્ડ અને પોર્ચમાં ગુલાબનો ગુચ્છ મુકી ઘરે પાછી ફરી. એક દિવસ સાસુમાના દિલનાં અને બંગલાનાં દ્વાર તો ખૂલશે એ આશા આજ વર્ષો પછી પણ હજુ સફળ નથી થઇ.

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૧૧મી માર્ચ

- દર વર્ષ માર્ચ મહિનાનો બીજો સોમવાર 'કોમનવેલ્થ દિન' તરીકે ઉજવાય છે. બ્રિટીશ સામ્રાજ્ય અસ્ત થાય બાદ તેની અગાઉની હકૂમતનાં દેશો વચ્ચે સદ્‌ભાવ સંકલન જાળવવા આ સંસ્થાની રચના થઇ.
- પ્રખર લોકસેવક અનંત વાસુદેવ - અણ્ણા સાહેબની પુણ્યતિથિ ૧૧-૩-૧૯૮૦. ગાંધીજીના અનુયાયી, ભૂદાન, ગ્રામદાન, સર્વોદય યોજના પ્રહરી, સહકારી ખેતીનાં પ્રણેતાહાર.

- ૧૯૫૬ અકબરૈ ઇલાહી સન શરૂ કર્યો.

- ૧૯૬૯ - સાહિત્યકાર ગૌરીશંકર જોષી - ધૂમકેતુનું અમદાવાદમાં અવસાન.
- ૧૯૪૮ - ભારતનું પ્રથમ જહાજ 'જલ